# : યોજનામાં લેવાતી ટેકનીકલ કાળજીઓ :

- યોજના શરૂ કરતા પહેલા આખી જમીનને જરૂરીયાત પ્રમાણે ઢાળ અપાય છે, જેથી ભવિષ્યમાં વરસાદી પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકે.
- તેથી યોજનામાં રહેનારા ગ્રાહકોને ચોમાસા દરમ્યાન તકલીફ ઉભી ન થાય તેમજ બનાવેલા રોડ ધોવાય ન જાય.
- યોજના શરૂ કરતા પહેલા જમીનની લોડ બેરીંગ કેપેસીટી (વજન ઉચકવાની તાકાત) માપવામાં આવે છે અને ત્યારબાદ સ્ટ્રકચરની ડિઝાઈન અને જરૂરીયાત પ્રમાણે કાળજીનો નિર્ણય કરવામાં આવે છે, જેથી મકાનો ધરતીકંપ પ્રુફ બને અને તેની મજબુતીને ભવિષ્યમાં કોઈ તકલીફ ઉભી ન થાય.
- યોજનામાં નાખવામાં આવતી પાણીની લાઈન તથા ડ્રેનેજ લાઈન અલગ અલગ યોગ્ય અંતરે રખાય છે, જેથી કરીને કયારેક લીક થાય તો કયારેય મુશ્કેલી ઉભી ન થાય.
- યોજનામાં નાખવામાં આવતી પાણીની લાઈનમાં યોગ્ય ઢાળ આપવામાં આવે છે, જેથી યોગ્ય ડિસ્ટ્રીબ્યુશન થાય અને તમામ ગ્રાહકોને સરખું પાણી મળી રહે.
- યોજનામાં નાખવામાં આવતી ગટરની લાઈનમાં યોગ્ય ઢાળ આપવામાં આવે છે, જેથી યોગ્ય રીતે નિકાલ થઈ શકે અને ગટર ઉભરાવાના પ્રશ્નો ન ઉભા થાય.
- કોમન પ્લોટને ફેન્સીંગ કરીને આપવામાં આવે છે, જેથી કરીને કોમન પ્લોટમાં આપેલ સગવડતાઓ લાંબા સમય સુધી સચવાય રહે અને કોમન પ્લોટનો મીસયુઝ ન થાય.
- સામાન્ય સંજોગોમાં તમામ યોજનામાં બોરની વ્યવસ્થા તથા નજીકમાં સરકારી પાણીની લાઈન હોય તો તેની પણ વ્યવસ્થા કરવામાં આવે છે, જેથી દુષ્કાળની પરીસ્થીતીમાં પાણીની તકલીફ ઓછી પડે.
- યોજનાની તમામ કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર અને અન્ય સુવિધા એવી રીતે બનાવવામાં આવે છે, જેથી તેને મેઈન્ટેઈન કરવું ન પડે અને જેથી કરીને ગ્રાહકોને ઓછામાં ઓછો મેઈન્ટેન્નસ ખર્ચ આવે.
- યોજનામાં બાળકોને અને વડીલોને ધ્યાનમાં રાખીને અમુક સવલતો ઉભી કરવામાં આવે જ છે.